## અમદાવાદના મહેરબાન એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.ર માં

ક્રી.કે.નં.૬૪૧૫/૧૭

**આંક.૧ લગત હુકમ.**

(૧). ફરીયાદીની પુરસીસ વંચાણે લીધી જેમાં તેઓએ જણાવેલ છે કે તેઓને સદર કેસમાં કોઈ રસ નથી, અને આરોપી સાથે સમાધાન થઈ ગયેલ હોય કેસ આગળ ચલાવવા માંગતા નથી અને કેસ માંડવાળ કરવા માંગે છે તેવુ પુરસીસથી જાહેર કરેલ છે.

(ર). આમ સદર કામે મુળ ફરીયાદીની પુરસીસ વંચાણે લીધી, કેસના રેકર્ડનો અભ્યાસ કર્યો. સદર કામના આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.ની કલમ– ૩૭૯,૧૧૪ મુજબના ગુનાનું ચાર્જશીટ થયેલ છે. સદર કામે ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીના પરિપત્ર અન્વયે નામદાર ચેરમેનશ્રી, લીગલ સર્વીસ કમિટિ, મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ, અમદાવાદના **નોટીફીકેશન નંબરઃ૧/૨૦૨૦ તાઃ૧/૨/૨૦૨૦** ધ્વારા સ્પેશ્યલ સીટીંગનું આયોજન કરવામાં આવેલ હોય સદર કામે ફરીયાદીએ આજરોજ કેસ માંડી વાળવા અંગેની પુરસીસ રજુ રાખી અને તેઓને સમાધાન થઈ ગયેલ છે અને હવે તેઓને કોઈ જાતની તકરાર રહેતી નથી અને વધુ પુરાવો આપવા માંગતા નથી અને કેસ માંડવાળ કરવા માંગે છે અને આગળ ચલાવવા માંગતા નથી અને મુદ્દામાલ તેઓને મળી ગયેલ છે. તે હકીકત જાહેર કરેલ છે. આથી ક્રિ.પ્રો.કોડની કલમ– ૩૨૦ ની જોગવાઈઓ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકયુલરને ધ્યાનમાં લેતાં ફરીયાદીની માંડવાળ કરવાની પુરસીસ ગ્રાહય રાખીને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

(૧). આરોપીઓને ક્રિ.પ્રો.કો.ની કલમ–૩૨૦(૨)(૮)અન્વયે ઈ.પી.કો.ની કલમ–૩૭૯,૪૧૧,૧૧૪ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(ર). મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદામાલ ફરીયાદીને મળી ગયેલ હોય, મુદ્દામાલ પરત્વે અગાઉ કરવામાં આવેલ હુકમ કાયમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી આ જાહેર કર્યો.

અમદાવાદ
તા.૮/૨/૨૦૨૦

(એમ.વાય.રાધનપુરવાલા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.ર, અમદાવાદ
જી.જે.૦૦૭૩૪